ગાંધીનગર સમાચાર

તસ્કરોનો આતંક યથાવત
પોલીસને ખુલ્લો પડકાર

# મહાત્મા મંદિર ખાતે ગ્રીન બિલ્ડીંગ કોંગ્રેસ યોજાઈ

## ગુજરાતમાં ગ્રીન બિલ્ડીંગ્સના પ્રોત્સાહન માટે આઈજીબીસી અને ગાહેડનો સંયુક્ત સંકલ્પ

ગાંધીનગર, તા.૧૮

સીઆઈઆઈ અને ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ હાઉસિંગ એન્ડ એસ્ટેટ ડેવલપર (ગાહેડ) દ્વારા ગાંધીનગર ખાતે યોજાયેલી ૧૩મી આઈજીબીસી ઈન્ટરનેશનલ ગ્રીન બિલ્ડીંગ્સ કોંગ્રેસ ૨૦૧૫ના ઉદ્દઘાટન સમારંભમાં ગુજરાતમાં ગ્રીન બિલ્ડીંગ્ઝનો પ્રચાર કરવાનો સંકલ્પ કરાયો છે. આઈજીબીસી અને ગાહેડના આ સંકલ્પ મુજબ આગામી ત્રણ વર્ષમાં ૧ કરોડ ચો.ફૂટ ગ્રીન બિલ્ડીંગ્ઝનું નિર્માણ કરાશે.

ઉદ્દઘાટન સમારંભમાં પ્રવચન કરતાં ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ પૂનમચંદ પરમારે જણાવ્યું હતું કે ''ઝડપી શહેરીકરણને કારણે સાધનોની વધુ તંગી સર્જાઈ છે. આપણે આપણાં નાગરિકો પ્રત્યે વધુ સંવેદનશીલ બનવા માટે સાથે મળીને એવી ડીઝાઈન્સ તૈયાર કરવાની જરૂર છે કે જેના દ્વારા ગ્રીન સીટીના નિર્માણમાં યોગદાન થઈ શકે. તેમણે ગ્રીનનો અર્થ જીવનની ગુણવત્તા સુધારવી તેવો કર્યો હતો.'' અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશ્નર ડી. થારા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ''અમદાવાદનો સમાવેશ માસ્ટર પ્લાનને અનુસરતા કેટલાંક જૂજ શહેરોમાં થાય છે. શહેરમાં વર્ટિકલ નિર્માણ વધુ થયું છે અને હોરિઝોન્ટલ નિર્માણ માટે ઓછું થયું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરના વિકાસમાં અવરોધ નડે નહીં તે રીતે સાતત્યપૂર્વક પાણી અને વિજળી માટેની કાર્યક્ષમ વ્યવસ્થા સ્થાપવા માંગે છે. યોગ્ય આયોજન દ્વારા અમલીકરણ કરાય તો સ્માર્ટ ગ્રીન સીટીનું નિર્માણ થઈ શકશે.''




આઈએલ એન્ડ એફએસના વાઈસ ચેરમેન અને એમડી, હરીશંકરે જણાવ્યું કે ગ્રીન સીટી સ્માર્ટ સીટી હોય તે આવશ્યક છે. હાલમાં ગ્રીન બાબતોના વિવિધ પાસાં ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની તાકીદની જરૂરિયાત ઉભી થઈ છે અને આ પ્રક્રિયામાં ઈકોલોજી અંગેની સમસ્યાઓ ઉભી થઈ છે. ગ્રીન સીટીઝ દ્વારા રોજગારીની નવી તકો ઉભી થશે અને કર્મચારીઓને મર્યાદિત સ્રોતોની કિંમત સમજાશે. તેમણે વધુમાં કહ્યું કે ગિફ્ટ સીટી દ્વારા અંદાજે ૮૦,૦૦૦ લોકો માટે સીધી રોજગારીની તકો ઉભી થશે અને એટલી જ સંખ્યામાં આડકતરી રોજગારી પ્રાપ્ત થશે.

આ પ્રસંદે આઈજીબીસીના ચેરમેન, ડો. પ્રેમ સી. જૈને જણાવ્યું કે ''આઈજીબીસી વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦ અબજ ચો.ફૂટ રજીસ્ટર્ડ ગ્રીન બિલ્ડીંગનું નિર્માણ કરવાનું વિઝન ધરાવે છે. ગ્રીન બિલ્ડીંગ ચળવળમાં નોંધપાત્ર પ્રગતિ સાધી શકાઈ છે. ૩.૧૪ અબજ ચો.ફૂટના ૩૪૦૦ પ્રોજેક્ટમાં ગ્રીન બિલ્ડીંગ્ઝ દ્વારા ભારત સૌથી વધુ ગ્રીન બિલ્ડીંગ રજીસ્ટ્રેશનમાં બીજા સ્થાને છે.''

તેમણે વધુ માહિતી આપતાં જણાવ્યું કે ''અમારા ૧૯ સ્થાનિક ચેપ્ટર્સ દેશભરમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમને પ્રોત્સાહિત કરી રહ્યા છે.'' આઈજીબીસી અમદાવાદ ચેપ્ટરના ચેરમેન, સમીર સિન્હાએ જણાવ્યું કે ''દેશમાં પર્યાવરણલક્ષી ઉત્તમ પ્રણાલીઓ અને માળખાગત સુવિધાઓ વિકસાવવા આઈજીબીસી દ્વારા જે પ્રયાસો હાથ ધરાયા છે જેના થકી ભારત ગ્રીન બિલ્ડીંગ ક્ષેત્રે ગ્લોબલ લીડર તરીકે ઉભરી આવશે.''

**ગ્રીન સીટીઝ, ગ્રીન મેટ્રો-વર ૧.૦ અને ગ્રીન રેસિડેન્શ્યલ સોસાયટી માટે આઈજીબીસી ગ્રીન રેટીંગ સિસ્ટમ્સનો પ્રારંભ**

**આગામી ત્રણ વર્ષમાં એક કરોડ ચો.ફૂટ ગ્રીન બિલ્ડીંગનું નિર્માણ કરાશે**

ગુજરાત રાજ્ય ૬ કરોડ ચો.ફૂટથી વધુ ગ્રીન બિલ્ડીંગ દ્વારા આ ચળવળમાં વિશિષ્ટ પ્રદાન કરી રહ્યું છે અને આગામી દિવસોમાં વધુ ગ્રીન બિલ્ડીંગ્ઝ અને સીટીઝ જોવા મળશે. આઈજીબીસી અમદાવાદ ચેપ્ટરના કો-ચેર, જયેશ હરિયાણીએ કાર્યક્રમના સમાપનમાં જણાવ્યું હતું કે ''ગ્રીન બિલ્ડીંગ કોંગ્રેસ ૨૦૧૫ પર્યાવરણને થતી અસર ઘટે, નિવાસીઓને સંતોષ થાય અને બિઝનેસના બહેતર પરિણામો મળે તથા એસેટનું મહત્તમ મૂલ્ય હાંસલ થાય તે રીતે સ્માર્ટ બિલ્ડીંગ વ્યૂહરચનાઓના મહત્તમ ઉપયોગને પ્રોત્સાહિત કરી રહ્યું છે.''

આ સમારંભ પ્રસંગે એક ઈન્ટરનેશનલ એક્ઝીબિશનનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૦થી વધુ નવતર પ્રકારની અને ભવિષ્યલક્ષી ગ્રીન ટેકનોલોજીસ દર્શાવાશે. આ પ્રદર્શન જાહેર જનતા માટે ૨૦ અને ૨૧ નવેમ્બરના રોજ સવારના ૧૦.૦૦થી સાંજના ૫.૩૦ કલાક સુધી ખુલ્લું રહેશે.

**(તસવીર : દિપક જાની)**

## @ગાંધીનગર

● આજે ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા બપોરે ૨ કલાકે મનપાના હોલમાં યોજાશે.

● આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કલોલ અને સાંતેજ ખાતે ચુંટણી લક્ષી સભા સંબોધશે.

● સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહના દ્વિતિય દિવસની કથા યોજાશે.

**- નજાહખાનમ સૈયદ**

## રિમોટવાળા ડ્રોન, એરિયલ મિસાઈલ ઉડ્ડયન ઉપર રોક

ગાંધીનગર, તા.૧૯

પેરિસમાં હાલમાં જ કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલા બાદ માત્ર યુરોપના જ દેશોમાં નહીં બલ્કે ભારત સહિતના દેશોમાં પણ આ અંગે પગલા લેવામાં આવી રહ્યા છે. સાવચેતીના પગલાના ભાગરૂપે કેટલાક જરૂરી આદેશો જારી કરાયા છે.

આ સંદર્ભમાં રિમોટ કંટ્રોલ સંચાલિત ડ્રોન અને એરિયલ મિસાઈલના ઉડ્ડયન પર પ્રતિબંધ મુકવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ તથા ભાંગફોડિયા તત્વો રિમોટ કન્ટ્રોલ સંચાલિત ડ્રોન અથવા એરિયલ મિસાઈલ જેવા સાધનો દ્વારા શહેરમાં આતંક ફેલાવી, જાહેર શાંતિ જોખમાય અને લોકોના જાનમાલને નુકસાન થાય તેવી શક્યતા રહેલી છે. આ જોખમની ભીતિને ધ્યાનમાં લઈ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરે અમદાવાદ શહેરી વિસ્તારમાં આવેલ વાઈરલ ઈન્સ્ટોલેશન, આર્મી કેન્ટોનમેન્ટ, વીવીઆઈપી/વીઆઈપી રહેઠાણ તેમજ કચેરીઓ, અગત્યની સરકારી કચેરીઓ વગેરેની સુરક્ષા શહેર પોલીસની છે ત્યાં રિમોટથી ચાલતા ડ્રોન કે એરિયલ મિસાઈલ કે પેરાગ્લાઈડર રિમોટ કન્ટ્રોલ, માઈક્રો લાઈટ એરક્રાફ્ટ ચલાવવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. પોલીસ ખાતાના રિમોટ કન્ટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટને આ જાહેરનામામાંથી મુક્તિ રહેશે. આ હુકમ તારીખ ૧૯-૧૧-૨૦૧૫ના કલાક ૦.૦૦થી ૧૭-૦૧-૨૦૧૬ના કલાક ૨૪.૦૦ સુધી અમલી રહેશે. આ હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સાને ૧૯૮૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર ઠરશે એમ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના જાહેરનામામાં જણાવાયું છે.

## વાતવાતમાં

● ગુરુવારે સાંજના સુમારે એક પરિવાર કોબા સર્કલથી ઓટો રીક્ષામાં પથિકાશ્રમ ઉતર્યુ હતું. પરંતુ તેઓ પોતાનો સામાન રીક્ષામાં જ ભૂલી જવા પામ્યા હતા. આ સામાનમાં કિંમતી ચીજવસ્તુઓ હોવાના કારણે પરિવારના સભ્યો ત્યાંથી ચાલી ગયેલી રીક્ષાને શોધવા હાંફળા ફાંફળા બન્યા હતા.

● ગાંધીનગરના શાકબજારોમાં હવે ટામેટાનો ભાવ ઉંચકાઈને ૫૦ થી ૬૦ રૂપિયા પહોંચ્યો છે. શિયાળાના પ્રારંભે ચટપટી વાનગીઓ રાંધવાની શોખીન ગૃહિણીઓ ભાવ સાંભળી શાકની લારીવાળા પર ટામેટાં જેટલી જ લાલઘૂમ થતી દેખાય છે તેમજ ઘરમાં બનતી રસોઈમાં ચટાકાની કમીનો અહેસાસ થઈ રહ્યો છે.

● સંયુકત માહિતી કમિશનર પિનાકિન ત્રિવેદીનું તાજેતરમાં દુઃખદ અવસાન થવા પામ્યું છે. સે-૭ ખાતે સદગતને શ્રધ્ધાંજલિ આપવા યોજાયેલા બેસણામાં આવેલા તમામ સ્નેહીજનોને પરિવાર તરફથી પ્લાસ્ટિકની ડબ્બીમાં અબોલ પંખીઓના 'ચણ' માટે જાર આપી જીવદયાનું અનોખું ઉદાહરણ પુરું પાડવામાં આવ્યું હતું.

**- સમીર રામી**
**૯૯૨૪૪૪૬૬૪૫**

## શિક્ષિત નગરજનો નવા સેકટરોમાં આડેધડ કચરો નાંખતા કચરાના ઢગ ખડકાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં હજુ પણ ગંદકી યથાવત છે. સરકારી તંત્ર દ્વારા કચરો લેવા માટે ગાડીઓ ઘરે ઘરે આવતી હોવા છતાં નગરજનો આડેધડ કચરો નાંખી શહેરને ગંદુ-ગોબરું બનાવી રહ્યા છે જેને પગલે સેકટરના આંતરિક માર્ગો પર કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે.

અત્યારે હાલ ભારતભરમાં સ્વચ્છ ભારતનું અભિયાન ચાલી રહ્યુ છે. શહેરમાં પણ સફાઈ અંગે કોઈ કચાશ ન રહી જાય તેની ચોકસાઈ રાખવામાં આવી રહી છે. તંત્ર દ્વારા શહેરના માર્ગો પર ઠેરઠેર કચરાપેટી મુકવામાં આવી છે. તેમજ નગરજનોના ઘરે ડોર ટુ ડોર કચરો લેવા માટે તંત્રની ગાડીઓ નિયમિતરુપે જાય છે. કેટલાક શિક્ષિત નગરજનો આ સુંદર વ્યવસ્થાનો ઉપયોગ કરી કચરો ગાડી લઈને આવતા પાલિકાના કર્મચારીને આપી સફાઈ અભિયાનમાં જોડાય છે પરંતુ કેટલાક નગરજનો ઠેર ઠેર મુકવામાં આવેલી કચરા પેટી હોવા છતાં આડેધડ કચરો નાંખી ગંદકી ઉભી કરે છે. નવા સેકટરોના આંતરીક માર્ગો પર આવા કચરાના ઢગલા દ્દશ્યમાન થાય છે. આ કચરાની ગંદકીમાં ગાય પણ ખાતી હોવાથી પશુના આરોગ્ય પર પણ ગંભીર ખતરો ઉભો થવા પામે છે ત્યારે નૂતનવર્ષ નિમિત્તે સૌ નગરજનો આપણા નગરને સ્વચ્છ અને સુંદર બનાવવાનો સંકલ્પ કરે તો નગર સ્વચ્છ અને સુંદર શહેર બની રહેશે.

# તસ્કરોનો આતંક યથાવત : પોલીસને ખુલ્લો પડકાર

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર પોલીસ તસ્કરોને પકડવા માટે એકશન પ્લાન બનાવી રહી છે પરંતુ તસ્કરો તેટલા જ જુસ્સાથી પોલીસને ઓપન ચેલેન્જ આપી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ગાંધીનગરમાં બે દિવસમાં વધુ બે ઘરફોડ અને ચોરી તથા વાહનની ઉઠાંતરીના કિસ્સા બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે. પરંતુ સતત પોલીસને પડકારી રહેલા તસ્કરોને પકડી પાડવામાં કયારે સફળતા મળશે તે જોવું રહ્યું...!

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટીમાં રહેતા વિક્રમભાઈ મુરલીધરભાઈ મહેશ્વરીની સેકટર-૧૩ ખાતે ચીપ ટાઈપ શોપીંગમાં સ્થિત કરીયાણાની દુકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવી હતી. કરીયાણાની દુકાનની બારીની ગ્રીલ તોડીને અંદર ઘુસી તેમાંથી તેલના ડબ્બાઓ, કાજુના પેકેટસ, ચા સહીતનું કરીયાણું ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. કરીયાણાનો માલ સામાન તથા રોકડ મળીને કુલ રૂ. ૪૧,૯૧૫નો માલ ચોરી કરી તસ્કરો સરકી ગયા હોવાની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે. તે ઉપરાંત સે-૩ ગ-દોઢ પાસેના ખુણા પર પટેલના ગલ્લાંથી ઓળખાતા પાન-મસાલાના ગલ્લાનું તાળુ તોડી તસ્કરો અંદાજે સાતેક હજારનો માલસામાન ચોરી કરી ગયા છે. આ બંને ઘરફોડ ચોરી ઉપરાંત વાહન ચોરી પણ ધ્યાને આવી છે. સરગાસણ ચોકડી પાસેના ફલેટમાં રહેતા ઘનશ્યામસિંહ બળદેવસિંહ ચાવડાનું જીજે-૧૮-સી એચ ૪૦૬૫ નંબરનું એકસેસ સે-૧૦ રજીસ્ટ્રાર કચેરીમાંથી ચોરાઈ જતાં તે અંગે વાહનચોરીની ફરિયાદ નોંધાવા પામી છે.

**સે-૧૩માં કરીયાણાની દુકાન, સે-૩માં પાન-મસાલાનો ગલ્લો, ઉનાળાનું મધુવન ફાર્મ તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યુ : સે-૧૦માંથી એકસેસની ઉઠાંતરી**

ઉનાવા ગામની સીમમાં સ્થિત મધુવન ફાર્મમાં છેલ્લા ત્રણ મહિનાથી લોખંડની પાઈપો, સળીયા, દોરડા, પ્લાસ્ટીકની નેટ સહિતનો નાનો મોટો સામાન ચોરી થતો હતો. આ સામાન ચોરી કરનાર શખ્સ વાસણ ગામના તર્શન હાજીજી ઠાકોરને પકડી પાડવામાં આવ્યો છે. ફાર્મ માલિક કિર્તન યાદવની ફરિયાદ લઈ પેથાપુર પોલીસે ઉંડી તપાસ આરંભી છે.

## બેસણું

ગાંધીનગર શહેરના સેકટર-૨-એ પ્લોટ નં. ૧૦/૨ ખાતે રહેતા ભરતભાઈ બારોટ (સિવીલ હોસ્પિટલ)ના મોટાબા (વિદ્યાબેન ઈનામદાર)નું ગત તા. ૧૫-૧૧-૧૫ના રોજ ગાંધીનગર ખાતે અવસાન થયું છે. સદગતનું બેસણું તેમજ લોકિક ક્રિયા સુંવાળા તા. ૨૦-૧૧-૧૫ના રોજ ડભોઈ (મુ. વડોદરા) ખાત તેમના નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.

## સંસ્કાર ગૃપના બાળકો મુખ્યમંત્રી અને રાજયપાલને મળ્યા





ગાંધીનગરના બાળકો અને યુવાનોને સતત પ્રવૃત્તિશીલ રાખતી સંસ્થા સંસ્કાર ગૃપ દ્વારા નવા વર્ષની ઉજવણી સે-૭ના બગીચા ખાતે ભારે ઉત્સાહપૂર્વક કરવામાં આવી છે. આ પ્રસંગે બગીચામાં રહેલા વૃક્ષોને સુશોભિત કરવામાં આવ્યા હતા. જયારે હાજર રહેલા સંસ્થાના હોદ્દેદારો અને બાળકોએ નૂતનવર્ષના અભિનંદન એકબીજાને પાઠવ્યા હતા. ત્યારબાદ ગ્રુપના સભ્યો અને બાળકોએ મુખ્યમંત્રી અને મહામહીમ રાજયપાલની મુલાકાત લીધી હતી.

શહેરની જાણીતી સંસ્થા સંસ્કાર ગૃપ દ્વારા વર્ષ દરમિયાન યુવાનો અને બાળકો માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે ત્યારે નૂતનવર્ષ નિમિત્તે સંસ્થાના સભ્યો અને બાળકો રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને રાજયપાલ ઓ.પી. કોહલીને મળ્યા હતા. બાળકોએ મુખ્યમંત્રી અને રાજયપાલને સ્વહસ્તે તૈયાર કરેલા ચાર્ટ પેપર, ડીઝાઈન કાર્ડ અર્પણ કર્યા હતા. સંસ્થાના પ્રમુખે મુખ્યમંત્રી અને રાજયપાલને સંસ્થાની પ્રવૃત્તિની માહિતી આપી હતી. બંને મહાનુભાવોએ બાળકોને આશીર્વાદ આપ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શૈલેષભાઈ વ્યાસ, અંકિત પ્રજાપતિ, જય ગાંધર્વ અને પ્રમુખ તુષાર દવેએ ભારે જહેમત ઉઠાવી હતી.

## સિવિલ કેમ્પસમાં દર્દીઓના ઉપયોગ માટે જાહેર ફોન કયાં...!

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે તાત્કાલીક સારવાર વિભાગમાં દર્દીઓના ઉપયોગમાં મુકવામાં આવેલ ફોન પોલીસ રુમમાં છે. આ ફોન પણ ઈન્ટરકોમ હોવાથી કંટ્રોલ રુમમાં માંગવો પડે છે જેને પગલે દર્દીઓને ભારે મુશ્કેલી વેઠવી પડે છે.

ભારત સરકારની ગાઈડલાઈન મુજબ હોસ્પિટલમાં જાહેર જનતાના ઉપયોગ માટે ફોન મુકવામાં આવે છે. આ ફોનનો ઉપયોગ દર્દી તેમજ તેમના સગા સ્નેહીજનો કરતા હોય છે. ગાંધીનગર સિવિલ કેમ્પસના તાત્કાલીક સારવાર વિભાગમાં સિવિલમાં આવતા દર્દી માટે ફોન મુકવામાં આવ્યો છે. આ ફોનનો ઉપયોગ સિવિલમાં આવતા દરેક વ્યકિત કરતા હતા. પરંતુ છેલ્લા ઘણા સમયથી આ ફોન પોલીસ રુમમાં પડયો છે. દોઢ વર્ષથી ફોન કયારેક બંધ તો કયારેક ચાલુ હોય તેવી પરિસ્થિતિમાં છે. પોલીસ રુમમાં પડેલો ફોન જાહેર જનતાના ઉપયોગ માટે છે તેવી અત્યારે હાલના સમયે સિવિલમાં આવતા દર્દીઓને ખબર ન હોવાથી ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જયારે પોલીસતંત્રને પણ પોતાનો ફોન ન હોવાથી ના છુટકે તેમણે આ ફોનનો ઉપયોગ કરવો પડે છે. પહેલા ફોન પરથી ડાયરેકટ કોઈ પણ સ્થળે ફોન થતા હતા જેનો દુરઉપયોગ થતા તંત્રએ ફોન બંધ કરી ઈન્ટરકોમની સુવિધા શરુ કરી છે. કોઈ પણ વ્યકિતને ફોન કરવો હોય તો કંટ્રોલ રુમમાં માંગવો પડે છે ત્યારબાદ ત્યાંથી ફોન જોડીને અપાય ત્યારબાદ વાત થઈ શકે છે આ પ્રક્રિયા પણ બહુ લાંબી છે જેથી ઈમરજન્સીમાં આવતા દર્દીઓને મુશ્કેલી વેઠવી પડે છે. સિવિલ તંત્ર દ્વારા જાહેર જનતાના ઉપયોગ માટેનો ફોન બહાર સિવિલમાં આવતા જતાં લોકોની નજરમાં આવે તેવી રીતે મુકવો જોઈએ. જયારે પોલીસ વિભાગને પણ ફોનની અગત્યતા હોવાથી તાત્કાલીક ધોરણે બીજા ફોનની જોગવાઈ કરવી જોઈએ તેવું સિવિલમાં આવતા જાગૃત નાગરિકો કહી રહ્યા છે.

## રક્ષાશકિત સર્કલ પાસે શ્રમજીવી બાળકોને મીઠાઈનું વિતરણ કરાયું

**શહેરના સામાજીક કાર્યકર્તા પ્રફુલ્લાબેન ભાવસાર બાળકોને શિક્ષણકાર્ય પણ કરાવે છે**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર નજીક આવેલા ધોળાકુવા ગામ તેમજ તેની પાસે



આવેલા રક્ષા શકિત સર્કલની આસપાસના વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારના ૬ થી ૧૪ વર્ષના બાળકોને શિક્ષણ આપવાનું ઉમદા કાર્ય શહેરના સન્નારી પ્રફુલ્લાબેન ભાવસાર દ્વારા કરવામાં આવે છે. આ બેનને જોઈ શ્રમજીવી બાળકો ખુશહાલ થઈ જાય છે. દિવાળીના પર્વ નિમિત્તે રક્ષાશકિત વિસ્તારના બાળકોને પ્રફુલ્લાબેન દ્વારા તાજેતરમાં મીઠાઈ અને ચોકલેટનું વિતરણ કરાયું હતું. પોતાના રોજીંદા કામકાજમાંથી સમય કાઢી શ્રમિક પરિવારના બાળકોને દરરોજ શિક્ષણનું જ્ઞાન પણ આ સેવાભાવી મહિલા દ્વારા આપવામાં આવે છે જે સરાહનીય છે.

# આઈટીઆઈ નજીક રોડ નં.૫ પર વધતા દબાણો

## કેટલાક તત્વો દ્વારા સરકારી જગ્યાઓ પર દબાણ કરી શ્રમજીવીને ભાડે આપવાનો ગોરખ ધંધો તંત્રની રહેમનજર તળે ચલાવાઈ રહ્યાની લોકમુખે ચર્ચા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના ઘ-૫ નજીક અનેક શ્રમજીવીઓ દ્વારા ખુલ્લી જગ્યામાં ઝુંપડા બાંધી ગેરકાયદેસર દબાણો ઉભા કરાયાં છે. તંત્રની રહેમનજર તળે આ ઝુંપડા હવે વધતા વધતા રોડ નં.૫ પર ગ-૫ નજીક આવેલ આઈટીઆઈ સુધી પહોંચી ગયા છે. જો સમયસર નિકાલ કરવામાં નહીં આવે તો ફરી એકવાર ગાંધીનગરને દબાણના વિકટ પ્રશ્નનો સામનો કરવો પડશે. આ જ પ્રકારની પરિસ્થિતિ ઘ-૫ નજીક ફુડકોર્ટ બનાવવા છતાં ખાણીપીણીની લારીઓ દ્વારા કરાતા દબાણને કારણે પણ સર્જાઈ રહી છે.

નગરના રોડ નં. ૫ પર ધીમે ધીમે ઝુંપપટ્ટીઓનો વધારો થઈ રહ્યો છે. આ દબાણ પધ્ધતિસર રીતે વધારવામાં આવી રહ્યું છે.





દબાણકર્તા પહેલા જે જગ્યાએ દબાણ કરવાનું હોય ત્યાં નિયમિત સફાઈ કરી થોડોક સામાન મુકે છે. કેટલાક દિવસો બાદ ત્યાં વધુ સામાન લાવવામાં આવે છે. ત્યારબાદ જૂના કબાટ, તુટેલા સોફા વગેરે મુકી વધારે જગ્યા રોકવામાં આવે છે અને સમય જોઈ ચુલો સળગાવવાનું પ્રારંભ કરી દેવાય છે. એકવાર ચુલો ચાલુ થઈ ગયા પછી છાપરું તાણી છત બનાવી દેવાય છે. આ સમયગાળા દરમિયાન જો દબાણતંત્ર ત્રાટકે તો દબાણ અટકી શકે છે પરંતુ એ માટે તંત્ર પાસે ફૂરસદ જ હોતી નથી તેવી દબાણકર્તાઓને સારી રીતે જાણ હોય જ છે. વળી, એવું પણ લોકમુખે ચર્ચાય છે કે જે ગરીબ પરીવાર આ ઝુંપડામાં રહેતો હોય છે ખરેખર તો એણે દબાણ કર્યું જ નથી હોતું પરંતુ કેટલાક ખાસ તત્ત્વો દ્વારા આ પ્રવૃતિ આચરી છેવટે શ્રમજીવી પરિવારોને દબાણ કરેલ જગ્યા ભાડે આપવામાં આવે છે. આમ બાકાયદા સરકારી જગ્યા પર દબાણ કરી તેના ભાડા વસુલવાનો ધંધો કરવામાં આવી રહ્યો છે અને આ ભાડામાંથી તંત્રમાં દબાણ ના હટાવાય તે માટે છેક ઉપર સુધી 'ભાગ' પહોંચે છે જેથી આ તત્વો ગેરંટીથી શ્રમજીવીઓને જગ્યા ભાડે આપે છે તેવી વાતો પણ ચર્ચાઈ રહી છે.

આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ હોઈ હાલ તો આ દબાણકર્તાઓ પ્રત્યે કોઈ શાસનકર્તા નેતા લાલ આંખ કરવાની હિંમત કરે તેવું જણાતું નથી. શહેરમાં અનેક નિમ્ન મધ્યમ વર્ગીય પરિવારો પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા પેટે પાટા બાંધીને મહેનત કરે છે જેમાંથી મકાનનું ભાડું, દુકાનનું ભાડુ વગેરે પણ ચુકવે છે. આ પરિવારો પોતાની આંખ સામે મોટા શૉ રૂમ કે દુકાન થાય તેટલી જગ્યાને મફતમાં પચાવી પાડતા અને ગરીબ શ્રમજીવીઓને ઢાલ બનાવી સરકારી જમીનો પર અડ્ડા જમાવતા જોઈ નિઃસાસા નાંખે છે. સત્વરે તંત્ર એ આ પ્રકારના દબાણોને સમયસર હટાવી ફરીથી દબાણ ન થાય તેવા પગલા લઈ દાખલા બેસાડવાની જરૂર જણાઈ રહી છે.

**(તસવીર : કશ્યપ નિમાવત)**

## ચિરવિદાય

- સ્વ. પિન્કીબેન સંજયભાઈ ઠાકોર, ઉ.વ. ૨૦
- સ્વ. પરબતસિંહ જાલમસિંહ ચૌહાણ, ઉ.વ. ૨૮